# ઔદિચ્ય ગઢિયા જ્ઞાતિનો સવિસ્તર ઈતિહાસ

હાલાર તથા સોરઠમાં શિહોર સંપ્રદાય અને સિદ્ધપૂર સંપ્રદાયના ઔદિચ્ય બ્રાહ્મણો વસેલા છે. ઝાલાવાડમાં વસનાર સમુદાય ઝાલાવાડી કહેવાય છે. કાળક્રમે સિદ્ધપૂર સંપ્રદાયના ૧૬ વિભાગ પડયા જેમાં સિદ્ધપૂર, અમદાવાદ, કંઠોળ, પાટણ, ઈડર, પિસ્તાલીસી, વડનગર, પચ્ચીસી, લુણાવડા, દેહગામ, પરગણું, ચરોતર, બેતાલીસી, સાણંદ પરગણું, વઢીયાર, ધાનધાર, રેવાકાંઠો, સુરત, માળવા અને ઉત્તર હિન્દુસ્તાન મુખ્ય છે.

શિહોર સંપ્રદાયના ૧૪ વિભાગ પડયા, તેમાં ગોહેલવાડી, ઝાલાવાડી, ભાલ, ખરેડી, ગઢિયા, ચીભડીયા, ચારણીયા, નથુમેતાનું તડ, ઘેલા, રામજીનું તડ, હામાપર, ખાખરીયું, ઢાંક, પરબડીયું, બારગામડી અને મોકળ મુખ્ય વિભાગ છે.

**ઔદિચ્ય ગઢિયા બ્રહ્મણ જ્ઞાતિનું ઉદ્‌ભવ અને સંગઠન :**

સવંત ૧૮૪૧માં ખરેડી - ગઢિયાની નાત બંધાણી હતી, તે વખતના અગ્રેસર પુરૂષોમાં શ્રી રેવા ભવાન ભટ્ટ, શ્રી ભાયો વ્યાસ, શ્રી ભવાન પંડયા અને શ્રી ગણેશ પરમાણંદ ભટ્ટ ગણાતા હતા. કચ્છના શ્રી કેશવજી દવે અને ખરેડીના શ્રી રત્નાકર પુરૂષોત્તમ દવે શિહોર સંપ્રદાયના (હાલાર, કચ્છ વગેરે પ્રદેશની) નાતના આગેવાન પ્રતિભાશાળી અને નાતને દોરનારા હતા. શ્રી ભાયો વ્યાસ અને શ્રી રેવા ભટ્ટ બેમાં ધનાઢય તરીકે નાતના વરાખરમાં તથા રજવાડાની લાગવગમાં હરીફાઈ ચાલતી. શ્રી ભાયો વ્યાસ બાબરા - બગસરા ના કાઠી દરબારોમાં વિદ્વાન અને શ્રીમંત તરીકે પૂજાતા. જયારે શ્રી રેવા ભવાન ભટ્ટ જુનાગઢ અને લાગતા રાજયોમાં કર્તાહર્તા હતા.

શ્રી ભવાન પંડયાની બે દિકરીઓ નર્મદા અને ગંગાના લગ્ન એક દિવસે હતા, નાની જાન જુનાગઢથી શ્રી રેવા ભવાન ભટ્ટની હતી અને મોટી જાન જામનગરથી શ્રી ગણેશ પરમાણંદ ભટ્ટની હતી. આમા લગ્ન વિધિ બાદ શ્રી રેવા ભવાન ભટ્ટ અને શ્રી ભવાન પંડયા વચ્ચે વરોઠીમાં ચડસાચડસી થયા ઉગ્ર મતભેદ પડયા. મામલો થાળે પાડવા તે વખતના મોટેરા, વૃદ્ધો અને ડાહ્યા પુરૂષોનો સલાહ પણ પાળળામાં ન આવી જેથી કરીને નીચે જણાવ્યા મુજબ ગઢિયા:ખરેડીમાં તડા પડયા.

તે સમયે શ્રી રેવા ભવાન ભટ્ટના પક્ષમાં ૮ અવંટકના ૨૦૦ ઘર તથા ૫ અવંટકના ૫૨ (બાવન) ઘર ભળ્યા. શ્રી રેવા ભવાન ભટ્ટના ૨૫૨ ઘર થયા જે ગઢિયાસંવાની નાત કહેવાણી. શ્રી ભવાન પંડયાના પક્ષમાં ૯ અવંટકના ૨૫૦ ઘર અને ૧૦ અવંટકના ૧૫૦ ઘર ભળ્યા. શ્રી ભાયો વ્યાસ ૫૦ ઘર સાથે શ્રી ભવાન પંડયા સાથે ભળી ગયા. શ્રી ભવાન પંડયાની ૪૫૦ ઘરની ખરેડી નાત કહેવાણી.

**ગઢીયા સમવાના ૧૩ અવંટકના ૨૫૨ (બસો બાવન) ઘર :**

| નં. | અવંટક | ઓળખ | ગોત્ર | વેદ | શાખા | ઘર સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | વ્યાસ-ભટ્ટ | આશાવલા (બાબરાના) | વત્સલ | યજુ | માધ્યદિની | ૬૧ |
| ૨ | ભટ્ટ-મહેતા | શીહોરીજાની | ગર્ગ | ઋગ | આશ્વલાયની | ૪૬ |
| ૩ | જોશી-પંડયા | સિદ્ધપૂરા | ભાર્ગવ | યજુ | માધ્યંદિની | ૧૫ |
| ૪ | વ્યાસ-ભટ્ટ | બજાણીયા | ભાર્ગવ | યજુ | માધ્યંદિની | ૧૪ |
| ૫ | રાવળ-ભટ્ટ | માંડલીયા | કૌશિક | યજુ | માધ્યંદિની | ૫ |
| ૬ | પંડયા-ભટ્ટ | વરાવતા | ગૌતમ | યજુ | માધ્યંદિની | ૧૫ |
| ૭ | પંડયા-ભટ્ટ | વઢવાણા | ગૌતમ | યજુ | માધ્યંદિની | ૭ |
| ૮ | રાવળ-ભટ્ટ | લોલાડા | કાસ્યપ | યજુ | માધ્યંદિની | ૮ |
| ૯ | જોશી-પંડયા | ઈશામલીયા | ભારદ્વાજ | યજુ | માધ્યંદિની | ૩૬ |
| ૧૦ | રાવળ-પંડયા | ઉંઝિયા | ભારદ્વાર | યજુ | માધ્યંદિની | ૭ |
| ૧૧ | પંડયા | ધારૂકીયા | શાંડિલ્ય | યજુ | વાજસનેયાં | ૬ |
| ૧૨ | પંડયા | મુંગલાણીયા | વસિષ્ઠ | યજુ | માધ્યંદિની | ૨૪ |
| ૧૩ | દવે | ચાણસમીયા | શાંડિલ્ય | યજુ | માધ્યંદિની | ૮ |
| | | | | | | ૨૫૨ |

ઔદિચ્ય ગઢિયા જ્ઞાતિના સંસ્થાપદ શ્રી રેવા ભવાન ભટ્ટ સવંત ૧૮૫૯ થી ૧૮૬૭ સુધી જુનાગઢ નું દિવનપદ્દુ ભોગવ્યું હતું. તેના વંશજો આજે આજથી ૭થી ૮ પેઢીએ આવે છે. તેના વંશજો હાલ તલાળા, જુનાગઢના ગામા મજેવાડીમાં તથા જામનગર વસે છે.

| (જામનગર) | (મજેવાડી) | (તાલાળા) |
|---|---|---|
| રેવા ભવના ભટ્ટ | રેવા ભવાન ભટ્ટ | રેવા ભવાન ભટ્ટ |
| ઘેલા ભટ્ટ | ઘેલા ભટ્ટ | ઘેલા ભટ્ટ |
| નથુ ભટ્ટ | નથુ ભટ્ટ | નથુ ભટ્ટ |
| રાઘવજી | રાઘવજી | રાઘવજી |
| શિવશંકર | ઈશ્વર | પ્રાગજી |
| રેવાશંકર | પુરુષોત્તમ | વજેશંકર |
| દયાશંકર | પ્રભાશંકર | જન્મશંકર |

આ રીતે ગઢિયા સંવાના નાતીલા બધા જુનાગઢ તથા તેની આસપાસના ગામોમાં ગયા અને ત્યાં પોતાના ધારાધોરણ ઘડયા તથા ઈષ્ટદેવ સ્થાપ્યા.


રેફરન્સ : (૧) શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ - પોરબંદર દ્વારા પ્રકાશિત ''ઔદિચ્ય ઉદય'' માસિકમાંથી તા. ૧૦-૧૧-૧૯૯૨
(૨) ઔદિચ્ય ખરેડી - ગઢીયા જ્ઞાતિનો ઈતિહાસ સને ૧૯૭૧



પ્રકાશક : શ્રી ભુવનેશ્વરી પીઠ, ગોંડલ (સૌરાષ્ટ્ર)
ટૂંકમા રજૂ કરનાર : અનિલ બી. ઠાકર